# પાલનપુર આરટીઓ કચેરી મૃતકને પણ જીવતો કરી આપતી હોવાની રાવ

## પાલનપુર આરટીઓ કચેરીમાં ચાલતી ધુપ્પલબાજીનો પર્દાફાશ મુખ્યમંત્રી અને રાજ્યપાલ સુધી રજુઆત બાદ પણ પરિણામ શૂન્ય

પાલનપુર આરટીઓ કચેરીમાં ચાલતી ગેરરીતિને ઉજાગર કરતો એક ગંભીર અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેમાં વાહન માલિક બે વર્ષ અગાઉ મૃત્યુ પામ્યો હોવા છતાં તેનું વાહન અન્ય વ્યક્તિના નામે ટ્રાન્સફર કરવામાં આવ્યુ હોવાની રાવ ઉઠી છે. ત્યારે આરટીઓ કચેરીમાં કેવી ધુપ્પલબાજી ચાલે છે તેનો પર્દાફાશ એક આરટીઆઈ હેઠળ થયો છે.

પાલનપુરમાં રહેતા આરટીઆઈ એક્ટિવિસ્ટ બિપિન ગુપ્તાએ કરેલી આર.ટી.આઈ.માં આ ચોંકાવનારો ખુલાસો થયો છે. બીપીનભાઈ ગુપ્તાએ વેચાણ થયેલ મોટર વાહન નંબર જીજે-૦૧-એચ. એલ.૮૧૩૭ ની માહિતી માંગી હતી. જેમાં વાહન વેચનાર વ્યક્તિ જગાણા ગામના લક્ષ્મણગર મોહનગર બે વર્ષ અગાઉ (૨૦૧૩) ગુજરી ગયેલ છે. આમ છતાં તે વ્યક્તિના ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જેની ચકાસણી કર્યા વગર જ આરટીઓ કચેરી દ્વારા તે વાહન ૨૦૧૫માં ટ્રાન્સફર થયેલ છે.

આ અંગે આરટીઆઈ દ્વારા માહિતી માંગતા આરટીઓ કચેરી અરજદારને ગોળ ગોળ ફેરવી રહી છે.આ પ્રકરણ મુખ્યમંત્રી અને રાજ્યપાલ સમક્ષ પહોંચ્યું છે. જેઓએ પણ માહિતી આપવાની સૂચના આપી હોવા છતાં આરટીઓ કચેરીએ મુખ્યમંત્રી અને રાજ્યપાલના આદેશની અવગણના કરી રહી હોવાનું અરજદારે જણાવ્યું હતું.

### આર.ટી.ઓ. કચરીનો ઉડાઉ જવાબ

આરટીઓ કચેરીએ જણાવ્યું હતું કે તારીખ ૨૩-૬-૨૦૧૫ ના રોજ વાહન વેચનાર માલિકની સહી અને જરૂરી આઈ-ડી પ્રુફ રજૂ થયેલ છે. ત્યારે તત્કાલીન હેડક્લાર્ક એન.એન.બામણા એ ચૂંટણી કાર્ડની ચકાસણી કરેલ છે. આ કેસમાં સરકારીની નિયત ફી સ્વીકારવામાં આવી છે. સરકારના રેવન્યુને કોઈ હાનિ પહોંચેલ નથી. વાહન લેનાર અને વેચનારને આ બાબતે કોઈ વાંધો નથી. ત્યારે ત્રાહિત વ્યક્તિ ની ફરિયાદને પગલે કોઈ કાયદાકીય કાર્યવાહી કરી શકાય તેમ ન હોઈ અરજદારની અરજી દફતરે કરવાની સુફિયાણી સલાહ આપવામાં આવી છે. આમ, પાલનપુર આરટીઓ કચેરીમાં થયેલા ધુપ્પલ બાજી અંગે તેઓ નક્કર ખુલાસો આપવાને બદલે મુખ્યમંત્રી અને રાજ્યપાલની સૂચનાઓને પણ ઘોળીને પી જઈ ઉક્ત ખુલાસો આપી ગુમરાહ કરી રહ્યા છે.



**શક્તિપીઠ અંબાજી ખાતે આવેલ કિડ્સ ગાર્ડન જુનિયર ચિલ્ડ્રન સ્કૂલ ખાતે શિવરાત્રી ઉજવાઈ**

યાત્રાધામ અંબાજી ધાર્મિક નગરી તરીકે ઓળખાય છે. અહીં વિવિધ શાળા કોલેજો આવેલી છે જેમાં દરેક પ્રકારના સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે ત્યારે અંબાજીમાં આવેલ નાના ભૂલકાઓની પ્રખ્યાત એવી કિડ્સ ગાર્ડન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે આજે શિવરાત્રી મહોત્સવ નિમિતે એક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિતે શાળાના બાળકો દ્વારા વિવિધ વેશભૂષા કરવામાં આવી હતી અને શિવજી પાર્વતી શિવજીના ગણ તેમજ નંદીના પાત્રો ભજવ્યા હતા. આ પ્રસંગને અનુરૂપ શિવજી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યારે શિવજીનો વરઘોડો કાઢી તેમના પાર્વતી સાથે લગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાનો સ્ટાફ સહિત બાળકોના વાલીઓ ઉપસ્થિત રહી ખુશી વ્યક્ત કરી હતી.

# ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીએ જ સરકાર સામે બાયો ચઢાવી

## મોડાસામાં સરકારી એન્જીનીયરીંગ કોલેજની ૫૦ ટકા બેઠકો ઘટાડવાના નિર્ણયનો ઉગ્ર વિરોધ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સરકારી એન્જીનીયરીંગ કોલેજો અને પોલીટેકનીકમાં રાજ્યભરમાં બેઠકોનો ધરખમ ઘડાટો કરવામાં આવ્યો છે અને શિક્ષણના ખાનગીકરણને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવી રહ્યું છે. ત્યારે ભાજપની વિદ્યાર્થી પાંખ અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના નેજા હેઠળ મોડાસાની સરકારી એન્જીનીયરીંગ કોલેજ આગળ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા તથા એબીવીપી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ સરકારના નિર્ણયનો ભારે વિરોધ કરવાની સાથે સૂત્રોચ્ચાર કરી બેઠકો યથાવત રાખવામાં આવેની માંગ કરી હતી.





રાજ્ય સરકારે રાજ્યભરની ૧૧ કોલેજની ૧૪ બ્રાન્ચમાં ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજની ૨૫૪૯ તથા ડિપ્લોમાની ૬૮૩૭ બેઠકો ઘટાડવાનો નિર્ણય કરતા તેમજ પૂર્વમાં સરકાર દ્વારા સ્વનિર્ભર કોલેજોને ૫૦ ટકા મેનેજમેન્ટ ક્વોટા ફાળવવામાં આવ્યાં છે આથી સ્પષ્ટ રીતે સરકાર દ્વારા શિક્ષણના ખાનગીકરણને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવી રહ્યું હોવાના અહેસાસ સાથે મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલી સરકારી એન્જીનીયરીંગ કોલેજના પ્રવેશદ્વાર આગળ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી સરકારના નિર્ણય સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા એક તરફ વિદેશોમાંથી વિદ્યાર્થીઓને ગુજરાતમાં શિક્ષણ લેવા આવે તે માટે કાર્યક્રમો યોજાય છે પરંતુ ગુજરાતના જ વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે અને ન છુટકે સ્વનિર્ભર સંસ્થાઓ તરફ જવું પડશે જ્યારે આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ફરજીયાત પોતાના જિલ્લામાંથી દૂર-દૂર અભ્યાસ માટે જવું પડશે. તેમજ ડીગ્રી એન્જીનીયરીંગના અંદાજે ૧૫૦ જેટલાં પ્રાધ્યાપકો માટે કોઈ જ કામ રહેશે નહિં અને તેમનાં પગારનો બોજો પણ સરકાર માથે વધશે આમ વિચાર્યા વગરના નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો છે અને સરકાર દ્વારા આ નિર્ણય પર પુનઃ વિચારણા કરી તેને ત્વરીત બદલવાની માંગ સાથે અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના હોદેદારો, આગેવાનો અને મોડાસા સરકારી ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આક્રોશપૂર્વક સરકારની નીતિનો વિરોધ કરી આક્રોશ ઠાલવ્યો હતો.

# મોડાસાના સાયરા નજીક દોડતી બસનું ટાયર નીકળ્યું, ૩૦ મુસાફરોનો બચાવ

ગુજરાત રાજ્ય પરિવહન નિગમની અડધો-અડધ બસો યોગ્ય સમારકામના અભાવે ખખડધજ હાલતમાં ઉપયોગમાં લેવાતી હોવાનું મુસાફરો અનેકવાર ફરિયાદ કરી ચુક્યા છે અને અનેકવાર રસ્તામાં ખોટકાયી પડવાની અને અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી હોય છે. ''બસની મુસાફરી સલામતીની સવારી''ના બદલે લોકો જીવના જોખમે પ્રવાસ ખેડાતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં બસોની ખખડધજ હાલતની પોલ ખોલતી વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. મોડાસાના સાયરા નજીક રોડ પર દોડતી એસટી બસનું ટાયર નિકળી જતા બસમાં સવાર ૩૦ જેટલા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

મોડાસા એસટી ડેપોની મોડાસા તખતપુરા મોડાસા તખતપુરા રૂટ થઈ પરત મોડાસા ફરતા સાયરા નજીક એસટી બસનું ટાયર અચાનક જ નીકળી ગયું હતું. પૂર ઝડપે દોડતી બસનું ટાયર નિકળી જતા બસમાં સવાર તમામ મુસાફરોનો જીવ તાળવે ચોંટયા હતા.૩૦ જેટલા મુસાફરોમાં અફડાતફડી સર્જાઈ હતી જોકે બસ ચાલકની સમયસૂચકતાને કારણે બસ ચાલકે બસ પર કાબુ મેળવીને રોડ સાઈડ ઉભી રાખી દેતા મોટી દુર્ઘટના ટળી હતી.



દોડતી બસે ટાયર નીકળી જતા બસમાં મુસાફરી કરતા મુસાફરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. એસટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઘટનામાં કોઈપણ મુસાફરને ઈજા કે જાનહાનિ નહીં થતા દોડી આવેલા અધિકારીઓ અને લોકો એ હાશકારો અનુભવ્યો હતો.

# ધાનેરા તાલુકાના માલોત્રા ગામે ૨૦૦ બાળકોને આનંદ ભોજન આપવામાં આવ્યું

## માલોત્રા ગામના નરેશભાઈ ગોહિલ પરિવાર તરફથી પ્રાથમિક શાળાના અને આંગણવાડીના બાળકોને ભોજન પિરસાયું





ધાનેરા તાલુકાના માલોત્રા ગામે આવેલી તમામ પ્રાથમિક શાળાઓ તેમજ આગણવાડી કેન્દ્ર ના બાળકો સહિત ૨૦૦ જેટલા બાળકોને માલોતરા ગામ ના નરેશભાઈ ગોકુલભાઈ ગોહિલ પરિવાર તરફથી આનંદ ભોજન આપવામાં આવ્યું હતું જેમાં ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં લોકો મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા તો બીજી તરફ આવનારા તમામ મહેમાનો નું વરિષ્ઠ પત્રકાર ગોકલભાઈ ગોહિલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું આવનારા તમામ મહેમાનો અને ગામલોકો એ ગોહિલ પરિવાર ની આ કામ ગિરી ને બિરદાવી હતી.

# કોંગ્રેસના વિરોધ વચ્ચે હિંમતનગર તાલુકા આયોજન સમિતિની બેઠક સંપન્ન

## તાલુકા વિકાસ અધિકારીએ બેઠકને કોરમ કરી કામોને બહાલી અપાવી : વિકાસકામો તથા ખાસ અંગભુત યોજનાના અંદાજે ૧.૫૦ કરોડના કામો થશે : જિલ્લા પંચાયતના મહિલા સદસ્યોને બદલે તેમના પતિદેવો હાજર રહ્યાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં ખુબ જ વિવાદાસ્પદ બનેલી હિંમતનગર તાલુકા પંચાયતની આયોજનની બેઠક બુધવારે તાલુકા પંચાયતમાં મળી હતી. જેમાં હિંમતનગરના ધારાસભ્ય, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર સહિત જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતાની હાજરીમાં આયોજનની બેઠકને કોરમ તરીકે જાહેર કરીને અંદાજે રૂ. ૧.૫૦ કરોડના કામોને બહાલી આપીને બેઠક પૂર્ણ જાહેર કરાઈ હતી. તો બીજી તરફ જીલ્લા અને તાલુકા પંચાયતના કોંગ્રેસના સદસ્યો તથા મહિલા સદસ્યોના પતિદેવોએ હાજર રહીને તાલુકા વિકાસ અધિકારીની કચેરીના દરવાજે ધરણા કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી કલ્યાણસિંહ ડાભીએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે બુધવારે હિંમતનગર તાલુકાના વિકાસના કામોનું આયોજન કરીને તેના માટે ગ્રાન્ટ ફાળવવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બેઠક હિંમતનગર તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીને કચેરીમાં બપોરના સુમારે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના ચુંટાયેલા તથા હિંતનગર તાલુકાના સદસ્યોને હાજર રહેવા માટે નિયમ મુજબ આગાઉથી જ એજન્ડા મોકલીને જાણ કરવામાં આવી હતી.

તેમ છતાં હિંમતનગર તાલુકામાં આવતી જિલ્લા પંચાયતની બેઠક પરથી ચૂંટાયેલા મહિલા સદસ્યને બદલે તેમના પતિદેવો તાલુકા પંચાયતમાં યોજાયેલ બેઠકમાં ભાગ લેવા આવ્યા હતા. દરમ્યાન તાલુકા પંચાયતના ગેરલાયક ઠરેલા સભ્યો હાજર રહેવા માટે આવ્યા હતા. પરંતુ નિયમ મુજબ ગેરલાયક થયા બાદ તેઓ બેઠકમાં ભાગ ન લઈ શકતા એજન્ડા બુકમાં સહી કર્યા વિના જતા રહેવાની ફરજ પડી હતી.

બીજી તરફ ધારાસભ્ય, તાલુકા વિકાસ અધિકારી તથા ભાજપના જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવર, ગણપતભાઈ પટેલ અને તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલની હાજરીમાં તાલુકા આયોજન સમિતિની બેઠકની કામગીરી શરૂ થઈ હતી. જેમાં નિયમ મુજબ ૬ સભ્યો હાજર રહેતા હિંમતનગર તાલુકાના વિકાસકામો માટે અંદાજે રૂ. ૧.૫૦ કરોડ તથા ખાસ અંગભુત યોજના અંતર્ગત રૂ. ૩૦ લાખના મળી કુલ રૂ. ૧.૫૦ કરોડના વિકાસકામોને બહાલી આપવામાં આવી હતી.

તો બીજી તરફ કોંગ્રેસના અગ્રણી હરીશભાઈ પ્રજાપતિ, જિલ્લા પંચાયતના મહિલા સદસ્ય કંચનબા સોલંકીના પતિ રણજીતસિંહ સોલંકી સહિત અન્ય સભ્યોએ આયોજન સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાને બેઠેલા તાલુકા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલ વિરૂદ્ધ આક્ષેપ કરીને જણાવ્યું હતું કે થોડા દિવસો અગાઉ તેમની વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત અંગે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ હોવાથી તેઓ આયોજન સમિતિની બેઠકમાં ભાગ લઈ શકે નહી તેવો આક્ષેપ કરીને કોંગ્રેસના જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યોએ તાલુકા વિકાસ અધિકારીની કચેરીના દરવાજા બહાર બેસીને વિરોધ કરી ધરણા કર્યા હતા.

સામે પક્ષે કોંગ્રેસે કરેલા આક્ષેપોનો પ્રતિસાદ આપતા ભાજપના સભ્યોએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે જો મહિલા સદસ્ય ચૂંટાયા હોય અને તેમના બદલે તેમના પતિદેવ બેઠકમાં હાજર રહે તેવી કાયદામાં કોઈ જોગવાઈ ન હોવા છતાં કોંગ્રેસે ચર્ચામાં રહેવા માટે વિરોધ કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના જે નિરર્થક પ્રયાસ કરવામાં આવે તે યોગ્ય નથી.

# અમીરગઢના ગાંજી ગામે નવા તલાટીને નિમણુંક આપવા રજૂઆત

અમીરગઢ તાલુકાના ગાંજી ગામે તલાટી નિયમિત હાજર રહેતા ન હોઈ ગ્રામજનોને મુસ્કેલીઓ પડી રહી છે. જ્યાં નવા તલાટીને નિમણૂંક આપવા માટે ગ્રામજનોએ પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી અને અધિક નિવાસી કલેક્ટરને રજૂઆત કરી હતી.

અમીરગઢ તાલુકાના ગાંજી ગ્રામ પંચાયતના સદસ્ય હંસાબેન દિતાભાઈ અંગારી સહિત ગ્રામજનોએ મંગળવારે પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી અને અધિક નિવાસી કલેક્ટર એલ.બી.બાભણીયાને આવેદનપત્ર આપ્યું હતુ.


જેમાં જણાવ્યું હતુ કે, ગાંજી ગામ અંતરિયાળ વિસ્તારમાં આવેલું છે. ગામના તલાટી હાલમાં ચાર્જમાં હોવાથી પંચાયતમાં સમયસર હાજર રહેતા નથી. જેથી ગામ તેમજ આજુબાજુના ગામના લોકોને દાખલા, ઉતારા કે અન્ય જમીનના કામોમાં મુસ્કેલીઓ પડી રહી છે. જેથી ગ્રામ પંચાયતમાં નવા તલાટીને નિમણૂંક આપવામાં આવે તેવી અમારી માંગણી છે.

# સામાજીક પરિવર્તનના મહાયજ્ઞમાં વધુ એક આહૂતી

## ટુંડાવ નાના બાર સમાજના પરિવારોએ બેસણું અને બારમા પાછળનું ભોજન બંધ કરવા નિર્ણય કર્યો : ઉંઝા તાલુકાના ટુંડાવ ખાતે નાના બાર કડવા પાટીદાર સમાજની સામાન્ય સભામાં કરાયો ઠરાવ

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામના નાના બાર કડવા પાટીદાર સમાજ (નાળોદ)ના પરિવારો દ્વારા બેસણું અને બારમા પાછળ થતા ભોજનને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. વ્યક્તિના મૃત્યુ પ્રસંગે ભોજન પાછળના ખર્ચ અને નાણાંનો દુર્વ્યય અટકાવી સાચા અર્થમાં પુણ્ય કમાવવા સામાજિક પહેલ કરાઈ છે.

ટુંડાવ ખાતે નાના બાર કડવા પાટીદાર સમાજની સોમવારે મળેલી સાધારણ સભામાં કરાયેલ ઠરાવ મુજબ ગામના કોઈપણ વ્યક્તિના અવસાન પાછળ કરવામાં આવતા જમણવારમાં ભોજન નહીં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અંત્યેષ્ઠી ભોજન પાછળ પરંપરાના નામે ફરજીયાતપણે કરવામાં આવતા બિનજરૂરી ખર્ચને અટકાવવા આ આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ટુંડાવ ગામના મોટા બાવન સમાજ(નાળોદ)ના પરિવારોએ બેસણું અને બારમા પાછળ થતા ભોજન બંધ કરવા નિર્ણય કર્યો હતો. જેને નાના બાર સમાજના પરિવારોએ પણ અપનાવી સામાજીક પરિવર્તનના મહાયજ્ઞમાં પોતાનું યોગદાન આપ્યું છે. બદલાતા સમય સાથે કરવામાં આવતા આવા સામાજીક પરિવર્તનોની પહેલમાં સમય જતાં સૌ સમાજના લોકો જોડાશે તેમ જણાઈ રહ્યું છે.




**''પુસ્તક વાચક સ્પર્ધા''માં મોડાસાની સર્વોદય સ્કૂલના વિદ્યાર્થીઓ પ્રથમ**

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ સમગ્ર શિક્ષા અને જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અરવલ્લી દ્વારા રાજ્યની તમામ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાંચનમાં રસ કેળવે, વાંચન પ્રત્યે ઉત્સાહ વધે અને સમજપૂર્વક વાંચન કરે તે હેતુસર આયોજીત ''પુસ્તક વાચક સ્પર્ધા''ના ભાગરૂપે કલસ્ટર કક્ષાની સ્પર્ધા મોડાસા-૧ સી.આર.સી. કેન્દ્ર મુકામે ૧૫-૨-૨૦૨૦ના રોજ આયોજીત થઈ. જેમાં મોડાસા નગરની પ્રતિષ્ઠિત શ્રી સી.જી. બુટાલા સેકંડરી અને શ્રી બી.વી. બુટાલા હાયર સેકંડરી સર્વોદય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ધો. ૬-૮-૯-૧૧ની સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને અગ્રેસર બનાવેલ છે. મેળવેલ આ સિદ્ધિ બદલ મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ આર.શાહ, ઉપપ્રમુખ પંકજભાઈ બી. બુટાલા, પ્રભારી મંત્રી ધીરેનભાઈ એમ. પ્રજાપતિ અને શાળાના પ્રિન્સીપાલ ડૉ આર. સી. મહેતાએ વિજેતા થયેલ વિદ્યાર્થીઓને અને માર્ગદર્શક શિક્ષકને આગામી સ્પર્ધાઓમાં પણ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

# માણસામાં યોજાનારા બ્રહ્મ સંમેલનની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૦

માણસા શહેર અને તાલુકાના બ્રહ્મસમાજ દ્વારા આગામી રવિવારના રોજ યોજાનાર ભવ્ય બ્રહ્મ સંમેલનની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જેમાં સંમેલનની સાથે સાથે સમાજના આરોગ્ય તેમજ શિક્ષણ અને આજના મહત્વના પ્રશ્ન એવા રોજગારી માટેના આયોજન સાથે અનેકવિધ કાર્યક્રમો યોજાવાના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આગામી ૨૩ તારીખને રવિવારના રોજ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ અને શ્રી સમસ્ત યુવા બ્રહ્મ સમાજના સંયુક્ત ઉપક્રમે સમગ્ર શહેર અને તાલુકાના બ્રાહ્મણોનું વિરાટ પ્રથમ સંમેલન મકાખાડ રોડ પર આવેલા આનંદીમાના વડલે યોજાવાનું છે. જેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ સંમેલનનો મુખ્ય હેતુ સામાજિક સંકલન માટે બ્રહ્મ સંમેલન ઉપરાંત તાજેતરની અડાલજ ખાતે યોજાયેલી બ્રહ્મ સમિટના આયોજકોનું સન્માન તેમજ સમાજના આરોગ્યની ચિંતાને અનુલક્ષીને સ્થાનિક ડોક્ટરોના સહયોગ સાથે બ્રહ્મ હેલ્થ કાર્ડ શૈક્ષણિક વ્યવસ્થા તદુપરાંત આજના સમયની સૌથી મોટી સમસ્યા એવી રોજગારી બાબતે વિશાળ રોજગાર મેળો કે જેમાં યુવક યુવતીઓના બાયોડેટા સાથે જો જે તે કંપની માસ અલગ જગ્યા ખાલી હશે તો સ્થળ પર જ એપોઈન્ટમેન્ટ ઓર્ડર આપવામાં આવશે, જ્યારે અન્ય સંજોગોમાં રજીસ્ટ્રેશન કરી ભવિષ્યમાં રોજગાર અપાવવા માટેનું આયોજન કરી એક સાથે અનેક કાર્યક્રમો અને આવતા આવરી લેતું આ બ્રહ્મ સંમેલન અન્ય લોકોને પણ પ્રેરણા પૂરી પાડનારું બની રહેશે.